વડીલોને વંદન અભિનંદન

ઈશ્વરલાલ દેવશંકર જોષી
(૧૯૪૩)ફોન : ૨૩૨૩૦૪૫૨

પ્રકાશભાઈ નટવરલાલ લાલા
(૧૯૪૭)ફોન: ૨૩૨૨૪૧૭૫



શામળભાઈ મોહનભાઈ પટેલ
(૧૯૨૮)મો.૯૯૯૮૦૪૦૧૫૭

હંસાબેન નગીનભાઈ પુરબીયા
(૧૯૫૧):મો.૯૬૦૧૩૮૦૧૧૫

અડાલજ સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં સ્વચ્છતા અભિયાન યોજાયું

ગાંધીનગર, તા.૬

આજરોજ તારીખ ૬ઠ્ઠી ડિસેમ્બરને શનિવારના રોજ સામૂહિક આરોગ્ય કેન્દ્ર અડાલજ ખાતે મહાત્મા ગાંધી સ્વચ્છતા અભિયાન અંતર્ગત મોટા પાયે કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ગાંધીનગરનાં ધારાસભ્ય શંભુજી ઠાકોર, સા.આ. કેન્દ્ર અડાલજનાં અધિક્ષક ડૉ. વિપુલ સોનેરી અને ગામનાં આગેવાન જયેશભાઈ પટેલ, પૂનમભાઈ ભુરિયા, હોસ્પિટલનાં ડોકટર્સ, કર્મચારીઓ, આંગણવાડીનાં બહેનો,આશા બહેનો તેમજ અન્ય આગેવાનોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈકાર્યક્રમને સફળ બનાવ્યો હતો. આ કાર્યક્રમમાં આંગણવાડીનાં બાળકોને ગોળ અને ચણાનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું તેમજ ડૉ. સોનેરીએ સર્વે સ્ટાફને સ્વચ્છતા જાળવવાના શપથ લેવડાવ્યા હતા.

અડાલજ ખાતે આવેલ સાર્વજનિક આરોગ્ય કેન્દ્ર ખાતે થતી કામગીરીનું ધારાસભ્યએ નિરીક્ષણ કરીને બિરદાવી હતી તેમજ નવા હોસ્પિટલનાં મકાનમાં વધારે સારી કામગીરી કરવા ડૉ. સોનેરીને શુભેચ્છા પાઠવી હતી.

પાલનપુરના રણાવાસ ગામમાં ગ્રામ પંચાયત કચેરીની સામે જ કચરાના ઉકરડાઓ જાણે સફાઈના હીમાયતીઓને ચેલેન્જ કરતા દેખાય છે. અહીં સ્વચ્છ ભારત અભિયાનને ધ્યાનમાં લઈ તંત્ર જવાબદારી પૂર્વક સફાઈ અભિયાન આરંભે તો ખરેખર લેખે લાગશે...
(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

મોડાસામાં ગુમ થતા બાળકો આપણી જવાબદારી અને બાળમજૂરી નાબુદી શીર્ષક હેઠળ રેલી યોજાઈ

(તસવીર : જય અમીન, મોડાસા)

મોડાસા, તા. ૬

ગુજરાત રાજ્યમાં બાળકો ગુમ થવાની ઘટના, બાળકોના અપહરણના કિસ્સાએ ખુબ માજા મુકી છે. તેમજ બાળકોને નાની ઉંમરે ભણાવવાના બદલે ગરીબ કુટુંબો પોતાના બાળકને શાળાએ મોકલવાના બદલે દારૂણ સ્થિતિને કારણે બાળકોને વિવિધ હોટલો, ઢાબાઓ, ચાની કીટલીઓ અને પૈસાદાર લોકોના ત્યાં બાળમજૂરી કરાવી ઘરનું ગુજરાન ચલાવવામાં મદદ લેતા હોય છે ત્યારે ?

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાની બાળ સુરક્ષા વિભાગ દ્વારા આજે મોડાસા શહેરની જાણીતી શ્રી સી.જી. બુટાલા સર્વોદય હાઈસ્કૂલના બાળકો સાથે સહયોગ સાધી મોડાસા શહેરમાં 'ગુમ થતા બાળકો' આપણી જવાબદારી અને 'બાળમજુરી' નાબુદી રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલીનું પ્રસ્થાન અરવલ્લી જિલ્લા નિવાસી કલેક્ટર એ.બી. પટેલે પ્રસ્થાન કરાવ્યું હતું. શ્રી સી.જી. બુટાલા હાઈસ્કૂલના વિદ્યાર્થીઓએ મોડાસા શહેરના વિવિધ વિસ્તારો સહિત ચારરસ્તા, પરબડી, ભાવસાર વાડા, કડીયાવાડા અને બસ સ્ટેન્ડ વિસ્તારને આવરી લઈ વિવિધ બેનરો જેવા કે 'બાળકો દ્વારા બાળ મજુરી બંધ કરો', 'બાળકોના બાળલગ્ન અટકાવો', 'બાળકોને શિક્ષણ આપો' તેમજ 'બાળકોને ગુમ થતા અટકાવો' જેવા વિવિધ બેનરો અને સૂત્રોચ્ચારથી લોકજાગૃતિનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ રેલીના અંદાજે ૨૦૦ થી પણ વધારે વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. તેમજ બાળકો ગુમ થતા અટકાવવા માટે પોતાના માતા-પિતાઓને જાગૃત થવા હાંકલ કરી હતી. આ રેલીમાં સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગ, ગુજરાતની શાખા જિલ્લા બાળ સુરક્ષા વિભાગના તમામ કર્મચારી મિત્રો હાજર રહ્યા હતા. તેમજ શ્રી સી.જી. બુટાલા હાઈસ્કૂલના શારિરિક શિક્ષણ વિભાગના શિક્ષકગણ પણ આ રેલીમાં શિસ્તબદ્ધ રીતે યોજાય તેમાં સહયોગ આપ્યો હતો.

મોડાસામાં સી.સી.ટી.વી. કેમેરા લગાવી શહેરના તમામ મુખ્ય વિસ્તારો પર બાજ નજર રખાશે

મોડાસા, તા. ૬

અરવલ્લી જિલ્લાનું મોડાસા શહેરની ગણના સંવેદનશીલ શહેરમાં થતી હોવાથી મોડાસા શહેરમાં સુરક્ષા વધારવા માટે અને જાહેરમાર્ગો ઉપર થતી હિલચાલની એક એક સેકન્ડની માહિતી મેળવી શકાય તે માટે મોડાસા શહેરના ૨૦ જાહેર સ્થળોએ અતિઆધુનિક અને હાઈરેન્જ ધરાવતા ૪૪ સીસીટીવી કેમેરા લગાવવાનો નિર્ણય અરવલ્લી જિલ્લા કલેક્ટર બી.જે. ભટ્ટે નિર્ણય કરતાં મોડાસા શહેરના લોકોમાં આનંદ છવાયો છે. સરકારી તંત્રએ વહીવટી કામગીરી હાથ ધરી.

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં સુરક્ષા વધારવા અને મોડાસા શહેરમાં બનતી ઘટનાઓને રેકોરાડ થઈ શકે તેના માટે મોડાસા નગરપાલિકા અને અરવલ્લી જિલ્લા પોલીસના સંયુક્ત ઉપક્રમે કિંમત રૂ. ૧.૧૦ કરોડના જંગી ખર્ચે ૪૪ સીસીટીવી કેમેરા લગાવવાનો ઉચ્ચકક્ષાએ નિર્ણય લેવાયો છે. મોડાસા નગરપાલિકાના આધારભૂત સૂત્રોના જણાવ્યા અનુસાર આ હાઈરાઈઝ સીસીટીવી કેમેરા દ્વારા મોડાસા નગરપાલિકાની હદમાં આવતા મહત્તમ વિસ્તાર આવરી લેવાનો તેમજ મુખ્ય માર્ગો અને જાહેર મિલકતો ઉપર સીસીટીવી કેમેરા લગાવવામાં આવશે. ૪૪ સીસીટીવી કેમેરાના ખર્ચે ૧.૧૦ કરોડમાંથી ૭૦ ટકા ખર્ચે નગરપાલિકા અને ૩૦ ટકા રકમ અરવલ્લી જિલ્લા પોલીસ ઉઠાવશે. જેમાં મોડાસા નગરપાલિકાને ફાળે આવતી ૭૦ ટકા રકમ પેટે રૂ. ૭૭.૨૦ લાખની રકમ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ જિલ્લા કલેક્ટર દ્વારા વહિવટી મંજૂરી આપી દેવાઈ છે. જ્યારે જિલ્લા પોલીસવડાએ સુરક્ષાસેતુ હેઠળ પ્રોજેક્ટ પૂર્ણ કરવા કાર્યવાહી હાથ ધરી છે.

(તસવીર : જય અમીન, મોડાસા)

મોડાસા શહેરના જાણીતા અને લોકોની સૌથી વધારે અવરજવર જોવા મળે છે. તેવા વિસ્તારો જેવા કે મોડાસા બાયપાસ એન્જી. માર્ગે, હજીરા ત્રણ રસ્તા, મોડાસા ચાર રસ્તા, કથવાડા રોડ સર્કલ, મેઘરજ રોડ બાયપાસ ચોકડી, મેઘરજ કોમ્પ્લેશ, ડીપ વિસ્તાર, સીટી મોટેલ ચાર રસ્તા, શ્યામસુંદર કોમ્પ્લેક્ષ, એસ.ટી. સ્ટેન્ડ લાયોનેસ પોલીસ ચોકી, માર્કેટયાર્ડ, રાણાસૈયદ સર્કલ, ઉપાસના કોમ્પ્લેક્ષ, રામપાર્ક ત્રણ રસ્તા, કર્મા કોમ્પ્લેક્ષ, સાંઈ મંદિર, ખરીદવેચાણસંઘ, ઉમીયા મંદિર તેમજ મુખ્યમાર્ગો, જાહેર મિલકતો અને તેની આસપાસના વિસ્તારોની રજેરજની માહિતી આગામી સમયમાં રેકોર્ડ થશે અને ચોરીને લગતી ઘટનાઓ ઉકેલવા માટે સરળતા રહેશે તેમજ મોડાસા નગરના પ્રજાજનોની સલામતીમાં વધારો થશે.

બનાસબેંકના સીનીયર ઓફિસર રૂપસિંગ ચૌહાણની સુપુત્રી ચિ. રશ્મિના શુભ લગ્ન પ્રસંગે રાજ્યના મંત્રી શંકરભાઈ ચૌધરીએ ઉપસ્થિત રહી આશિર્વાદ પાઠવ્યા હતા.

શહેર જાગૃત નાગરિક પરિષદની સોમવારે બેઠક

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની ડિસેમ્બર માસની બેઠક તા. ૮મી ડિસેમ્બર સોમવારે સાંજે ૪.૩૦ કલાકે યોજવામાં આવી છે. આ બેઠક સંસ્થાના પ્રમુખ લવજીભાઈ વાડીયાના નિવાસસ્થાન સે-૨૧માં આવેલ નમન એપાર્ટમેન્ટ ખાતે યોજાશે. આ બેઠક લવજીભાઈ વાડીઆના અધ્યક્ષ સ્થાને યોજાશે જેમાં વિવિધ પ્રશ્નોની સમીક્ષા કરવામાં આવશે માટે સંસ્થાના પદાધિકારીઓ, કાર્યવાહક સમિતિના સભ્યો તેમજ આમંત્રિતોને ઉપસ્થિત રહેવા અનુરોધ કરાયો છે.

રાજ્યમાં પબ્લિક હેલ્થ યુનિવર્સિટીની સ્થાપના કરાશે

અમદાવાદ સિવિલમાં આધુનિક ઇલેક્ટ્રોન માઇક્રોસ્કોપનું લોકાર્પણ : રૂપિયા ૧૭૦ કરોડના ખર્ચથી વિભાગ બનશે

અમદાવાદ,તા. ૬

ગુજરાતમાં પબ્લિક હેલ્થ યુનિવર્સિટીની સ્થાપના કરવાની જાહેરાત કરી દેવામાં આવી છે. અમદાવાદ પહોંચેલા મુખ્યમંત્રી આનંદીબેન પટેલે કહ્યું હતું કે, વિધાનસભાના આગામી સત્રમાં આ અંગેનો વિધેયક પસાર કરવામાં આવશે. આનંદીબેને ગુજરાત સરકાર દ્વારા અનુદાનિત યુએન મહેતા હોસ્પિટલના પીડીયાટ્રીક કાર્ડિયોલોજી વિભાગના નવી ઈમારતનું ભૂમિપૂજન કર્યું હતું. આ ઉપરાંત સિવિલ હોસ્પિટલમાં અતિઆધુનિક ઈલેક્ટ્રોન માઈક્રોસ્પોકનું લોકાર્પણ પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રીએ હોસ્પિટલમાં દર્દીઓને ચેપ ન લાગે તે માટે બેડશીટ વારંવાર બદલવાની પણ રજૂઆત કરી હતી. નવી વ્યવસ્થા કરવાની મુખ્યમંત્રીએ અપીલ કરી હતી. દર્દીઓને જમીન પર પથારી કરીને સુવડાવવાની ફરજ ન પડે તે માટે ખાસ કાળજી રાખવાની પણ મુખ્યમંત્રીએ અપીલ કરી હતી. ગુજરાત સરકાર દ્વારા અંદાજે ૧૭૦ કરોડના ખર્ચે નિર્મિત થનાર પીડીયાટ્રીક કાર્ડિયોલોજી વિભાગમાં વિવિધ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવનાર છે જેના ભાગરુપે ૪૫૦ પથારીથી વધારીને અંદાજે ૮૫૦ પથારીની સુવિધા પ્રાપ્ત થશે. નવી અદ્યતન જનરલ વોર્ડ પણ રહેશે.

અતિઆધુનિક કાર્ડિયોથોરાસીક રિકવરી રુમ રહેશે. આ હોસ્પિટલમાં ૨૦૧૪ના ગાળામાં જાન્યુઆરી-ઓક્ટોબર સુધીના ગાળામાં વિવિધ સુવિધાઓ આપવામાં આવી છે. ઓપીડીમાં આવેલા દર્દીઓની સંખ્યા ૧૦૩૧૮૬ નોંધાઈ હતી જ્યારે દાખલ કરવામાં આવેલા દર્દીઓની સંખ્યા ૧૮૩૫૬ રહેશે. હાર્ટના ઓપરેશનો પણ મોટા પાયે કરવામાં આવ્યા હતા.

અખિલ ભારતીય સમાજશાસ્ત્રીય પરિષદમાં ડૉ. રમેશ મકવાણાના પુસ્તકનું વિમોચન

વારાણસી ખાતે યોજાયેલા ૪૦માં અધિવેશનમાં વિશ્વભરના ૩૦થી વધુ દેશોના સમાજશાસ્ત્રીઓ ઉમટયા

ગાંધીનગર, તા.૬

તાજેતરમાં અખિલ ભારતીય સમાજ શાસ્ત્રીય પરિષદનું ૪૦મું અધિવેશન વારાણસીની મહાત્મા ગાંધી કાશી યુનિવર્સિટી ખાતે યોજાયું હતું. જેનું ઉદઘાટન ભારતના રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીએ કર્યું હતું. આ પરિષદમાં સરદાર પટેલ યુનિવર્સિટીના પ્રો. રમેશ મકવાણા લિખિત 'કન્ટેમ્પરરી ક્રાઈમ ઈન ઈન્ડિયન સોસાયટી' અંગ્રેજી પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું. આ પરિષદમાં વિશ્વના ૩૦ થી વધુ દેશોના સમાજશાસ્ત્રીઓ અને ભારતભરમાંથી ૩૦૦૦થી વધુ પ્રાધ્યાપકોએ ભાગ લીધો હતો.

પ્રો. રમેશ મકવાણા લિખિત આ પુસ્તકનું વિમોચન વિશ્વ સમાજશાસ્ત્રીય પરિષદના પ્રમુખ અને ન્યુયોર્કની હોફસ્ટ્રી યુનિવર્સિટીના પ્રો. માગરિટ અબ્રાહ્મના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પુસ્તકમાં પ્રો. રમેશ મકવાણાએ મહિલાઓ વિરુધ્ધ હિંસા, આપઘાત, વેશ્યાવૃત્તિ બાળકો સાથે હિંસા, સફેદ ગુનાઓ, કન્યા ભ્રૂણ હત્યા ઝુંપડપટ્ટીમાં થતા ગુના, સાયબર ક્રાઈમ વગેરે પર પ્રકાશ પાડયો છે. આ ગુનાઓનું વધતું પ્રમાણ ગુજરાત અને સમગ્ર દેશને નુકશાન કર્તા છે. જે અનેક બીજા ગુનાઓ જેવા કે લાંચ રૂશ્વત દારૂની હેરાફેરી, બળાત્કાર, કાળા બજાર, અકસ્માતો, ત્રાસવાદ અને આત્મઘાતને જન્મ આપશે. આ પુસ્તકમાં આ ગુનાઓનો ઉદભવ, કારણો, અસરો અને તેને નિવારવાના ઉપાયો અંગે વિસ્તૃત છણાવટ કરવામાં આવી છે.

શબ્દાવલી - ૫૫૮૨

૧	૨	■	૩	૪		■	૫
■	૬	૭			■	૮	
૯				■	૧૦		
૧૧		■	૧૨	૧૩			
	■	૧૪	■	૧૫		■	■
૧૬	૧૭		૧૮	■	૧૯		૨૦
■	૨૧			■	■	■	
૨૨			■	૨૩			

આડી ચાવી

૧. ચંક (૨)
૩. આશરો (૩)
૬. વંશ વારસા વિનાનું (૪)
૮. લડાઇ, યુદ્ધ (૨)
૯. જીવઘાત (૪)
૧૦. માંગ, અપેક્ષિત માંગ (૩)
૧૧. પ્રથા, ચાલ (૨)
૧૨. ગલીપચી (૫)
૧૫. જેનો ભોગ આપવાનો હોય તે (૨)
૧૬. ઘૃણા (૪)
૧૯. કબૂલાત, ઠરાવ (૩)
૨૧. ચાંપતી ઉઘરાણી (૩)
૨૨. રાક્ષસ (૩)
૨૩. નવું જન્મેલું (૪)

ઊભી ચાવી

૨. કોતરણી વગેરે કલાવાળુ(૪)
૩. સંપુર્ણ રીતે છોડી દેવું તે(૪)
૪. અંત થવો (૨)
૫. ઉઘરાણી કરવાવાળા (૪)
૭. સરસ જેવો ઉદ્ગાર (૨)
૮. જંગલમાં રહેનારું (૩)
૯. વિશાળ (૪)
૧૦. મંગલમય (૪)
૧૩. હોઠ (૨)
૧૪. ડૂબેલું, ખુંપેલું (૪)
૧૭. અક્કલનું ઓથમીર, ઉડાઉ, ... દેવાળીયો (૩)
૧૮. તજ વધારે હોય તોય તજ જ કહેવાય... નહિ (૨)
૨૦. ઉપપત્ની (૩)

શબ્દાવલી ૫૫૮૧ના જવાબ

આડી ચાવી :- (૧) આદમખોર (૫) ખાઇ (૬) ગડદાપાટુ (૮) ડામર (૧૦) મઠ (૧૨) ઇશ (૧૪) મર્દ (૧૫) કડકાબાલુશ (૧૮) કરામત (૧૯) મરૂન (૨૨) મય (૨૩) ઇલા (૨૪) ઇરાદો

ઊભી ચાવી :- (૧) આડોડાઇ (૨) મગર (૩) ખોડ (૪) રદ્દામ (૫) ખાટુ (૭) પાઠ (૯) મશકરા (૧૧) દર્દ (૧૩) બાકાત (૧૪) મશરૂમ (૧૬) ડમરૂ (૧૭) લુમ (૧૮) કસાઇ (૨૦) નયન (૨૧) મીરા

ટેક્સટાઈલ પાર્ક માટે સરકાર કટિબદ્ધ

કચ્છમાં ૩૦૦૦થી વધુ યુવાનોને સ્થાનિક રોજગારી પુરી પાડવામાં આવી છે : રોજગાર માટે અવસરો

ગાંધીનગર,તા. ૬

મુખ્યમંત્રી આનંદીબેન પટેલે કચ્છ જિલ્લાના અંજાર ખાતે આવેલા સ્પીનિંગ પ્લાન્ટનું ઉદ્ઘાટન કરતા જણાવ્યું હતું કે, ગુજરાતની ટેક્સટાઈલ પોલીસીના કારણે આજે રાજ્યમાં ટેક્સટાઈલ ઉદ્યોગ ક્ષેત્રે અનેક અનેક રોકાણો આવી રહ્યા છે, તે સંદર્ભમાં રાજ્યમાં વિશાળ ટેક્સટાઈલ પાર્ક બને તે માટે રાજ્ય સરકાર સકારાત્મક પ્રયાસો હાથ ધરશે. આનંદીબેન પટેલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની મેઈક ઈન ઈન્ડિયા સંકલ્પને સાકાર કરવા કચ્છમાં ૩૦૦૦ ઉપરાંત યુવાનોને સ્થાનિક રોજગારી પુરી પાડવાની વેલસ્પનની કાર્યસિદ્ધિની પ્રશંસા કરી હતી. વિશેષ કરીને મૂકબધિર અને વિશિષ્ટ વ્યક્તિઓ-બાળકોને એક છત્ર નીચે તાલીમ આપી રોજગાર અવસર દ્વારા નવું જીવન આપવાનો આ પ્રયાસ અભિનંદનીય છે એમ પણ તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીએ વડાપ્રધાને ૨૧મી સદીમાં ભારતને વિશ્વગુરુ બનાવવાની પ્રતિબદ્ધતા સાથે કૌશલ્યવર્ધનના કાર્યક્રમોથી સ્કીલ ઈન્ડિયા, વિશ્વ સાથે કદમ મિલાવતા ઈન્ટરનેટ યુગમાં ડિઝીટલ ઈન્ડિયા અને સ્વચ્છતા-સફાઈને પ્રેરક ક્લીન ઈન્ડિયાએ ચારેય મહત્વપૂર્ણ સંકલ્પોનો ગુજરાતે સુઆયોજન અમલ કરીને દેશને નવો રાહ બતાવ્યો છે તેમ ઉમેર્યું હતું. તેમણે ઉદ્યોગ ગૃહોને રોજગાર સર્જન સાથોસાથ સામાજિક વિકાસકામોમાં પણ સેવાદાયિત્વ નિભાવવા અનુરોધ કર્યો હતો. મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, અત્યારે સૌથી મોટી પ્રાથમિકતાએ પ્રત્યેક ઘરમાં શૌચાલય હોય તે છે. રાજ્ય સરાકરે અત્યાર સુધીમાં ત્રણ લાખ ઘરોમાં શૌચાલયો બનાવ્યા છે ત્યારે ઉદ્યોગગૃહો પણ પ્રત્યેક ઘરોમાં શૌચાલયો બને તે માટેના કાર્યોમાં સીએસઆર દાયિત્વ નિભાવી સહભાગી બને. આ પ્રસંગે કેન્દ્રના ટેક્સટાઈલ રાજ્યમંત્રી સંતોષ ગંગવારે ૨૧મી સદીના યુગમાં ભારત હવે આગવી તાકાત સાથે આગળ વધી રહ્યું છે તેમ જણાવી ગુજરાતે વિકાસની જે દિશા બનાવી છે તેવું અનુકરણ દેશ કરશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

યોજના અમલી

● અનુસંધાન પહેલાનું ચાલુ

જે ચાર કેટેગરી પાડવામાં આવી છે તેમાં પહેલી કેટેગરીમાં શહેરી વિસ્તારવાળા સાત જિલ્લા બીજી કેટેગરીમાં નવા સાત જિલ્લા ત્રીજી કેટેગરીમાં નવ આદિવાસી જિલ્લા અને ચોથી કેટેગરીમાં બાકી રહેતા ૧૦ જિલ્લાનો સમાવેશ કરવામાં આવ્યો છે.

જિલ્લા કલેક્ટર અને ડી.ડી.ઓ.ને વાર્ષિક પુરસ્કાર આપવા માટે તેમની જુદી જુદી કામગીરીનું મુલ્યાંકન કરવા માટેની કામગીરીઓ નક્કી કરવામાં આવી છે અને તેના ગુણ (રેટીંગ) નક્કી કરવામાં આવ્યા છે. ૨૦ ગુણનું મુલ્યાંકન મુખ્ય સચિવની અધ્યતાવાળી ઉચ્ચકક્ષાની સમિતિ કરશે. આ મુલ્યાંકન જે તે કલેક્ટર જિલ્લા વિકાસ અધિકારીએ સમિતિ સમક્ષ કરેલ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન આધારે કરવાનું રહેશે.

પુરસ્કાર આખરી કરતી વખતે કુલ ૧૦૦ ગુણમાંથી બે અધિકારીને મહત્તમ સરખા ગુણ મળે તેવા કિસ્સામાં કલેક્ટર માટે જે તે અધિકારીને મહેસુલ વિભાગે વધુ ગુણ આપેલ હશે તે કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારીના કિસ્સામાં જે અધિકારીને પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગને વધુ ગુણ આપેલ હશે તે જિલ્લા વિકાસ અધિકારી પુરસ્કારને પાત્ર ઠરશે.

કર્મયોગી પુરસ્કાર યોજના નવી અમલી બનાવવામાં આવતા હવે આ યોજનાની સમીક્ષા દર પાંચ વર્ષે કરવામાં આવશે. આથી હવે આ યોજનાની સમીક્ષા આગામી વર્ષ ૨૦૧૮માં કરવામાં આવશે.

અધિકારીને મળેલ પુરસ્કારની રકમ વહીવટી સુધારણાને લગતા કોઈ પણ કામો જેવા કે નાગરિક સુવિધા કેન્દ્ર વન ડે ગવર્નન્સ, કચેરી આધુનિકરણના કામો સહીતના વહીવટી કામો માટે કરવાનો રહેશે. જો આ રકમનો બે નાણાંકીય વર્ષમાં ઉપયોગ કરવામાં નહી આવે તો તે રકમ સરકારમાં પરત જમા કરવાની રહેશે.

જાહેરાત

કેરીયર કાઉન્સેલરની ભરતી

રાજ્ય સરકારના શ્રમ અને રોજગાર વિભાગ હેઠળ નવી એજન્સી "eMPEX-b" શરૂ કરવામાં આવેલ છે કે જે યુવાનોને રોજગાર અને કારકિર્દીલક્ષી તાલીમ પુરી પાડવાની સાથોસાથ રોજગારી પુરી પાડવામાં સહાયભૂત થશે.

આ એજન્સી દ્વારા જિલ્લાની રોજગાર કચેરીઓ ખાતે સદર કામગીરી માટે કેરીયર કાઉન્સેલરની ભરતી તદન હંગામી ધોરણે, ફિક્સ પગારથી, સરકારશ્રીએ નક્કી કરેલ શરતો અને બોલીઓને આધીન, ફક્ત ૧૧ માસની મુદત માટે કરવા ઉમેદવારો પાસેથી અરજીપત્રકો આમંત્રીત કરવામાં આવે છે. વિગતવાર જાહેરાત વેબસાઈટ http://wwww.talimrojgar.org ઉપર ઉપલબ્ધ છે. રસ ધરાવતા ઉમેદવારોએ તા. ૧૬/૧૨/૨૦૧૪ સુધીમાં વેબસાઈટ ઉપર પ્રસિદ્ધ થયેલ જાહેરાત અનુસાર અરજી કરવાની રહેશે.

સ્થળ : ગાંધીનગર
તારીખ : ૬/૧૨/૨૦૧૪
માહિતી/૧૮૭૯/૨૦૧૪-૧૫

સહી/-
રોજગાર અધિકારી (વ્યવસાય માર્ગદર્શન)
જિલ્લા રોજગાર વિનિમય કચેરી, ગાંધીનગર

ટચૂકડી જાહેર ખબર

ભાડે / વેચાણ આપવાનો છે

ભાઈજીપુરા પાટીયા, કોબા સર્કલ પાસે, પી.ડી.પી.યુ. કૉલેજ રોડ ઉપર, ૨, ૩ બેડ તથા બેંગલો સ્ટુડન્ટ / ફેમીલી તથા ઓફીસર માટે જમવા /રહેવાની સગવડ સાથે અથવા વગર

બ્રોકર - ૯૯૭૯૨૨૮૯૮૮
૯૫૮૬૮૧૮૪૮૨

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન-૨૩૨૨૨૫૭૧,૨૩૨૩૭૫૭૧

In the Court of The Commissioner for Workmen's Compensation, in the 6th Labour Court at Mumbai-51.
Before Shri K. B. Wagh, Commissioner for Workmen's Compensation
Application (WCA) No. 719/B-137/2013.
Smt. Fulara Kantaprasad Verma & Anr. ..Applicant
V/s
M/s. Chadha and Chadha Co. & Anr. ...Opponent Party.

NOTICE

WHEREAS the above named applicant has presented an application in this Court against you for compensation in respect of death of her husband Viz Late Kantaprasad Badhuprasad Verma accident said to have arisen out of and in the course of his employment as stated in the accompanying copy of the application. You are hereby summoned to appear in this Court in person or by & pleader or any other person duly authorised in writing and able to answer all material question relating to the application of who shall be accompanied by so me other person able to answer all Such question on 11/12/2014 at 11.00 a.m. To answer the claim, and as the day fixed for your appearance is appointed for the final disposal of the application, you must be prepared to produce on that day all the witness upon whose evidence and all the documents upon which you intent to relay in support of your defence.

Under rule 27 of the Workmen's Compensation Rules, 1924, you are hereby required to file written statement IN DUPLICATE on ot before 11/12/2014.

Take notice that in default of your appearance on the day before mentioned the application will be heard and determined in your absence.

1] M/s. Chadha and Chadha Co. 6A/31, Sai Darshan, Amli, Silvasa Dadra Nagar Haveli, Silvasa-396230

By Order, Sd/- Asst. Registrar, Commissioner for Employees Compensation Mumbai.

Seal